જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૨/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૫૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૮૯/૧૬

**વાડજ :** મુન્નીબહેન સજ્જનરાજ મિશ્રા (રહે. જ્યોતિનગર, સૌરભ સ્કુલની બાજુમાં, નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૨/૧૬ નાં કલાક ૨/૧૫ બાદ કોઇપણ સમયે પોતાની પુત્રી સીમરનબહેન (ઉ.વ.૧૫) ને ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૯૦/૧૬

**શહેરકોટડા :** હર્ષદભાઇ બાબુભાઇ પટેલ (રહે.મહાદેવનગર સોસાયટી, સરદાર પટેલ સ્ટેડીયમ રોડ) એ તા.૧૦/૨/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૩/૧૫ થી બે વર્ષ પહેલાંનાં સમયગાળા દરમ્યાન પોતાના પિતા બાબુભાઇ પટેલ નાઓની સરસપુર નાગરીક કો.ઓ.બેંક મુખ્ય શાખા નવરંગપુરા, સરસપુર અને નરોડા શાખા ખાતે કરેલી અલગ-અલગ કુલ ૩૫ લાખની ફિક્સ ડીપોઝીટની રકમ ઉપરોકત શાખાઓમાં કામ કરતાં અનિલભાઇ બેલાણી + ૨૦ = ૨૧ આરોપીઓએ ભેગામળી એફ.ડી.ની રકમ ઉપાડી લઇ હર્ષદભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.મકવાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૯૧/૧૬**

**દાણીલીમડા :** ફિરોજ મહંમદરફીક શેખ (રહે.શક્તિ સોસાયટી, ફિરદોસ મસ્જીદની સામે, દાણીલીમડા) એ તા.૯/૨/૧૬ રાતના ૧૧/30 વાગે ઢોર બજાર, કુરેશી જમાતનાં ગોડાઉન પાસેનાં મેદાનમાં પોતાની આઇસર ગાડી નંબર જીજે ૧ બી.ટી. ૮૯૬૧ કિમત રૂપિયા ૧,૫૦,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૨/૧૬ સવારનાં ૧૧/30 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ફિરોજ શેખે તા.૧૦/૨/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)